ક્રમાંક : ગુજકા/વેટ/૯૧/૨૦૧૦-૧૧/**જા.૯૮/૮૬**

વાણિજ્યિક વેરા કમિશનરની કચેરી
ગુજરાત રાજય,
સી/૨, વાણિજ્યિક વેરા ભવન,
આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯
તારીખ : ૨૭/૦૯/૨૦૧૦

# જાહેર પરિપત્ર

રાજયમાં ગુજરાત મુલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ નો અમલ તા.૧/૪/૨૦૦૬ થી કરવામાં આવેલ છે. આ કાયદાના અમલ વખતે અગાઉના વેચાણવેરા કાયદા હેઠળ નોંધણી નંબર ધરાવતા વેપારીઓને ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ,૨૦૦૩ હેઠળ નોંધાયેલ વેપારી તરીકે ગણી લેવામાં આવેલ છે

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ,૨૦૦૩ ના તા.૧/૪/૨૦૦૬ થી અમલ બાદ નવા નોંધણી નંબર માટે વેપારીઓએ ગુજરાત મૂલ્યવર્ધિત વેરા નિયમો, ૨૦૦૬ હેઠળના નિયમ-૫ હેઠળ નમુના-૧૦૧ માં અરજી કરવાની થાય છે. આ નમુના-૧૦૧ માં જે ધંધા માટે અરજી કરવામાં આવેલ છે તેના ઇન્કમટેક્ષ કાયદા અન્વયેના Permanent Account Number (PAN) ની વિગત દર્શાવવાની હોય છે.

અગાઉના વેચાણવેરા કાયદા હેઠળ નોંધણી નંબર ધરાવતા વેપારીઓના કિસ્સામાં ઇન્કમટેક્ષ કાયદા અન્વયેના Permanent Account Number (PAN) ની વિગત મેળવવામાં આવેલ નથી

આથી રાજયના તમામ નોંધાયેલ વેપારીઓ પાસેથી આ વિગત મેળવવાનું ઠરાવેલ છે. આ માટે નીચે મુજબની સુચનાઓ આપવામાં આવે છે.

(૧) તા.૩૦મી સપ્ટેમ્બર,૨૦૧૦ ના રોજ પુરા થતા માસ / ત્રિમાસ માટે રજુ કરવાના થતા માસિક / ત્રિમાસિક પત્રક સાથે વેપારીઓએ તેમના ધંધાના ઇન્કમટેક્ષ કાયદા અન્વયેના Permanent Account Number (PAN) ની વિગત રજુ કરવાની રહેશે.

(૨) ઉપર્યુકત વિગત અંગેના પુરાવાની નકલ પણ રજુ કરવાની રહેશે.

(૩) ઇ-રીટર્ન ફાઇલ કરતા વેપારીઓએ તેમનું રીટર્ન વેબસાઇટ પર અપલોડ કરતી વખતે ઉપર્યુકત વિગત રજુ કરવાની રહેશે. તેમજ તે અંગેના પુરાવાની નકલ હાર્ડકોપીમાં સબંધિત ધટક કચેરીમાં રજુ કરવાની રહેશે
આ પરિપત્રની સબંધિત સર્વેએ નોંધ લેવી

સહી/-
( ગુરૂપ્રસાદ મહાપાત્ર )
વાણિજ્યિક વેરા કમિશનર
ગુજરાત રાજય, અમદાવાદ

નકલ સવિનય રવાના : (માર્ગદર્શન તથા જરૂરી કાર્યવાહી સારૂ)

૧. અધિક સચિવશ્રી (કર),નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગરને બે નકલમાં
૨. વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી,ગુ.રા.,અમદાવાદ
૩. ખાસ વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી ગુ.રા.,અમદાવાદ
૪. અધિક વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના અંગત મદદનીશશ્રી,ગુ.રા.,અમદાવાદ
૫. સઘળા અધિક/સંયુકત વાણિજ્યિક વેરા કમિશનરશ્રી,ગુ.રા., અમદાવાદ
૬. સઘળા નાયબ વાણિજ્યિક વેરા કમિશનરશ્રી, ગુ.રા., અમદાવાદ
૭. સઘળા સહાયક વાણિજ્યિક વેરા કમિશનરશ્રી, ગુ.રા., અમદાવાદ
૮. સઘળા વાણિજ્યિક વેરા અધિકારીશ્રી, ગુ..રા.,અમદાવાદ
૯. આ કચેરીની સઘળી શાખાઓ તરફ
૧૦. ૧૦ નકલ મહાપાત્ર તાલીમ શાખાને
૧૧. ૧૦ નકલ દફતર શાખાને
૧૨. ૧૦ નકલ જનસંપર્ક શાખાને
૧૩. એકાઉન્ટ જનરલ અમદાવાદ તરફ
૧૪. ઇ-ગવર્નન્સ સેલને વેબસાઇટ પર મૂકવા અર્થે
૧૫. સઘળા નોંધાયેલ એસોસીએશન તરફ
(ઉપરોકત બાબત આપના મંડળના સભાસદોના ધ્યાન પર લાવી આભારી કરશોજી)

સંયુકત વાણિજ્યિક વેરા કમિશનર (કાયદા)
ગુજરાત રાજય, અમદાવાદ